# GST UPDATE

## જી.એસ.ટી. નંબરની અરજી માટેનો નવો નિયમ

GST નંબરની એપ્લીકેશન અપ્રુવ થવાની સમય મર્યાદામાં થયેલ ફેરફારની સમજૂતી

- GST નંબરની એપ્લીકેશન RULE-9 મુજબ અપ્રુવ થતી હોય છે.
- તારીખ 28/02/2024ના રોજ એક એડવાઇઝરી જાહેર કરવામાં આવી છે. આ એડવાઇઝરી માં GST નંબર માટેની અરજી અપ્રુવ થવાની સમય મર્યાદામાં ફેરફાર થયો છે.

GST નંબરની એપ્લીકેશન અપ્રુવ થવાની સમય મર્યાદા

- GST રજીસ્ટ્રેશનની એપ્લીકેશન કર્યા બાદ તે ઓફિસરને ફોરવર્ડ કરવામાં આવશે. ઓફિસર દ્વારા એપ્લીકેશન અને ડોક્યુમેન્ટ સંપૂર્ણ યોગ્ય લાગશે તો જે તારીખે ARN નંબર જનરેટ થયો છે તે તારીખથી 7 વર્કિંગ દિવસમાં તે અપ્રુવ કરવામાં આવશે.
- GST રજીસ્ટ્રેશનની બધી જ એપ્લીકેશન 7 વર્કિંગ દિવસમાં અપ્રુવ થશે તેવું નથી.

નીચેના સંજોગોમાં GST રજીસ્ટ્રેશનની એપ્લીકેશન 30 દિવસમાં અપ્રુવ થશે.

- એપ્લીકેશન કરનાર વ્યક્તિ એ આધાર ઓથેન્ટીકેશનનો વિકલ્પ પસંદ નો કર્યો હોય
- આધાર ઓથેન્ટીકેશન સફળતા પૂર્વક થય ગયુ હોય તો પણ જો GST પોર્ટલ દ્વારા ડેટા એનાલિસિસ અને રીસ્ક પેરામીટર પરથી એપ્લીકેશનના ધંધાના સ્થળનું ફીઝીકલ વેરીફીકેશન કરવાનું નક્કી કરવામાં આવે.
- ઓફિસરને એવું લાગે કે ધંધાના સ્થળનું ફીઝીકલ વેરીફીકેશન કરવું પડે તેમ છે.

ઉપરના ત્રણ સંજોગોમાં જો ARN નંબર જનરેટ થાય ત્યારથી 30 દિવસમાં જો એપ્લીકેશન યોગ્ય લાગશે તો અપ્રુવ થશે.

અથવા

જો એપ્લીકેશનમા કોઈ ડોક્યુમેન્ટ ઘટતા હોય અથવા કોઈ ક્લેરીફીકેશનની જરૂર લાગે તો ARN નંબર જનરેટ થાય ત્યાર થી 30 દિવસમાં ઓફિસર નોટીસ ઇસ્યુ કરશે.

- ક્લેરીફીકેશન માટે જે નોટીસ મળે તેમાં જે સમય મર્યાદા હોય તે સમય માં અરજદારે ક્લેરીફીકેશનનો જવાબ આપવાનો રહેશે.
- ક્લેરીફીકેશનનો જવાબ આપ્યા બાદ જો ઓફિસરને એપ્લીકેશન બધી જ રીતે યોગ્ય હશે તો જે દિવસે ક્લેરીફીકેશનનો જવાબ આપ્યો છે ત્યારથી 7 વર્કિંગ દિવસમાં અરજી અપ્રુવ થશે.

V V Kothari & Associates

8140844454 admin@vvkothari.com

0281-2978421 www.vvkothari.com

અથવા

- ક્લેરીફીકેશનનો જવાબ આપ્યા બાદ જો ઓફિસરને એપ્લીકેશન બધી જ રીતે યોગ્ય નો લાગે તો જે દિવસે ક્લેરીફીકેશનનો જવાબ છે ત્યારથી 7 દિવસમાં અરજી રીજેક્ટ થશે.
- ઓફિસર દ્વારા 30 દિવસ અથવા 7 વર્કિંગ દિવસમાં કોઇ કાર્યવાહી કરવામાં નો આવે તો એપ્લીકેશન ઓટોમેટીક અપ્રુવ થશે.
- અત્યાર સુધી 7 વર્કિંગ દિવસનો સમય હતો જે હવે 30 દિવસ થશે. 30 વર્કિંગ દિવસ નહિ.



8140844454
0281-2978421
admin@vvkothari.com
www.vvkothari.com